# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 29-05-2026 Day: Friday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## અમીત શાહની કચ્છ મુલાકાત:

ગુજરાતની બે દિવસની મુલાકાતે આવેલા કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે આજે કચ્છમાં ભારત-પાકિસ્તાન સરહદ પર સ્થિત **G-7** અને **G-13** બોર્ડર આઉટ પોસ્ટનું લોકાર્પણ કરીને દેશની સુરક્ષા વ્યવસ્થામાં મોટા પરિવર્તનની જાહેરાત કરી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, કેન્દ્રીય ગૃહ સચિવ, ઇન્ટેલિજન્સ બ્યુરોના ડાયરેક્ટર, સીમા પ્રબંધન સચિવ અને બીએસએફના ડાયરેક્ટર જનરલ સહિતના ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં શ્રી શાહે જણાવ્યું કે, **BSF**ની સ્થાપનાના ૬૦મા વર્ષે સરહદ સુરક્ષાની વિભાવના બદલીને ‘ટેરિટોરિયલ સુરક્ષા’નો નવો કન્સેપ્ટ લોન્ચ કરવામાં આવશે. આ નવી વ્યવસ્થા હેઠળ સરહદ સુરક્ષાની જવાબદારી માત્ર સૈન્ય પૂરતી સીમિત ન રહેતા, તેમાં સ્થાનિક જનતા, પોલીસ અને સિવિલ પ્રશાસનને પણ સક્રિય રીતે જોડવામાં આવશે.

તેમણે વધુમાં ઉમેર્યું કે, દેશની સરહદોને અભેદ બનાવવા માટે હજારો કરોડ રૂપિયાના રોકાણ સાથે ડ્રોન, રડાર અને આધુનિક ટેકનોલોજી આધારિત ‘ચતુષ્કોણીય સ્માર્ટ ગ્રીડ’ ઊભી કરાશે. સુરક્ષાની દ્રષ્ટિએ અત્યંત પડકારરૂપ ગણાતા સિર ક્રિક અને હરામી નાળા જેવા દલદલી વિસ્તારોમાં વોચ ટાવર તેમજ કનેક્ટિંગ રોડ બનાવીને આગામી બે વર્ષમાં સંપૂર્ણ ‘લીક પ્રૂફ’ સુરક્ષા ગ્રીડ તૈયાર કરી દેવામાં આવશે, જેનાથી દેશની સરહદો કાયમ માટે સુરક્ષિત થઈ જશે.

**(બાઇટ : અમીત શાહ)**

---

## કચ્છના પુરવઠા અધિકારીની બદલી:

રાજ્ય સરકારના સામાન્ય વહીવટ અને મહેસૂલ વિભાગ દ્વારા સચિવાલય તેમજ જિલ્લા પ્રશાસન સ્તરે મોટાપાયે બદલી અને બઢતીના આદેશો જાહેર કરાયા છે. વહીવટી પ્રક્રિયાને વધુ વેગવંતી બનાવવા માટે ડેપ્યુટી કલેક્ટર, જિલ્લા પુરવઠા અધિકારી અને મામલતદાર કક્ષાના ૨૭ અધિકારીઓની બદલી કરવામાં આવી છે, જ્યારે ૯ અધિકારીઓને પ્રમોશન આપવામાં આવ્યું છે.

આ ફેરબદલ અંતર્ગત કચ્છના પુરવઠા અધિકારી અર્શી એસ. હાસ્મીની રાધનપુર ખાતે નર્મદા પ્રોજેક્ટના સ્પેશિયલ લેન્ડ એકવીઝીશન ઓફિસર તરીકે બદલી થઈ છે. જ્યારે તેમના સ્થાને સી.આર. નીમાવત કચ્છના નવા પુરવઠા અધિકારી બન્યા છે. ઉપરાંત, ગાંધીધામના **SLAO** નીતિ ચરનની પાટણના સ્ટેમ્પ ડ્યુટી કલેક્ટર પદે બદલી કરાઈ છે.

---

## દુલેરાય કારાણીને અંજલિ:

કચ્છના ગૌરવવંતા સાહિત્યકાર દુલેરાય કારાણીની કર્મભૂમિ ગુંદિયાળી પ્રાથમિક શાળામાં 'કારાણી જે ફરીયે મે, કારાણીજી કવિતાઉ' કચ્છી ડાયરો યોજાયો હતો. વી.આર.ટી.આઈ. અને ભારત વિકાસ પરિષદ-માંડવી દ્વારા યોજાયેલા આ કાર્યક્રમમાં પૂર્વ સાંસદ પુષ્પદાનભાઈ ગઢવીએ કારાણીજીના સંસ્મરણો વાગોળ્યા હતા. નારાણ ભારમલ અને વાદ્યવૃંદે કારાણીજીની રચનાઓની સંગીતમય પ્રસ્તુતિ કરી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. કારાણી પરિવારે તેમના નિવાસસ્થાનની મુલાકાત લઈ અંજલિ આપી હતી.

---

## ધારાસભ્ય દ્વારા રજુઆત:

અબડાસા વિધાનસભા વિસ્તારના નખત્રાણા, અબડાસા અને લખપત તાલુકામાં ચોમાસુ વાવણીના સમયે જ ડીઝલ અને રાસાયણિક ખાતરોની તીવ્ર અછત સર્જાઈ છે. યુરિયા, ડી.એપી. અને એન.પી.કે. જેવા ખાતરો તેમજ ટ્રેક્ટરો માટે ડીઝલ ન મળતા ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે.

આ સમસ્યાના નિવારણ માટે ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કૃષિ મંત્રીને પત્ર લખીને આ પુરવઠો તાકીદે પૂર્વવત કરવા ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરી છે.

---

## હવામાન:

અધિક જેઠ મહિનાના અસહ્ય તાપ બાદ ગુરુવારથી કચ્છમાં તાપમાનનો પારો નીચે ઉતરતાં લોકોને ગરમીથી થોડી રાહત મળી હતી. જો કે, ભેજનું પ્રમાણ વધવાના કારણે બપોરે બફારો વર્તાયો હતો.

હવામાન વિભાગની આગાહી મુજબ, શનિવાર અને રવિવારે કચ્છમાં ગાજવીજ અને કલાકના ૪૦ કિલોમીટરની ઝડપે ફૂંકાતા પવન સાથે હળવો વરસાદ પડી શકે છે. . હવામાન વિભાગના જણાવ્યા અનુસાર દેશમાં આ વર્ષે અંદાજે **90** ટકા વરસાદ થવાની શક્યતા છે, જોકે ગુજરાતમાં સામાન્ય કરતાં ઓછો વરસાદ રહેવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

---